
# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

મે - ૨૦૧૩
છુટક નકલ રૂ. ૫-૦૦

સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ - ભુજ




શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવ - અંજાર

## ભુજ : પંચાહ્ન પારાયણ










ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમજ પ્રાતઃ સ્મરણીય મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ભુજ મંદિરના પ્રાંગણમાં અ.નિ.સુ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીની પુણ્ય સ્મૃતિમાં દાદા ગુરુ અ.નિ.સ.ગુ. સ્વામી તદ્રુપદાસજી તેમજ મહંત સ.ગુ.સ્વામી ભક્તિપ્રિયદાસજીની પ્રસન્નતાર્થે તેમના શિષ્યગણ (સંતો અને હરિભક્તો) દ્વારા તા. ૨૩-૦૩-૨૦૧૩ થી તા. ૨૭-૦૩-૨૦૧૩ ફાગણ સુદ ૧૧ થી ફાગણ સુદ પૂનમ સુધી 'શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ'નું આયોજન કરવામાં આવેલ.

તા. ૨૩ ના સવારે પોથીયાત્રીમાં બહોળી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. પોથીયાત્રા સભામંડપમાં વિરામ પામી હતી. સંતો અને હરિભક્તોના સાંનિધ્યમાં પોથીપૂજન તથા વક્તાશ્રીનું પૂજન તેમજ આરતી બાદ કથાનો મંગલ પ્રારંભ વ્યાસસને બિરાજમાન સ્વામી આનંદવલ્લભદાસજીએ ભાવવાહી શૈલીમાં કર્યો. બપોરના સત્રમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ પોતાની સુંદર અને સચોટ શૈલીમાં કથામૃતનું રસપાન કરાવેલ. સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી અને નિષ્ણાત તબલાવાદક સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી આદિ સંગીતકારોએ સંગીતની સુમધુર સુરાવલિ સાથે કથાને વધુ આહ્લાદક બનાવી ભક્તિમય વાતાવરણનું નિર્માણ કર્યું હતું.

તા. ૨૪-૦૩-૨૦૧૩ના રોજ શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ઘનશ્યામ મહારાજના જન્મની પ્રસન્નતાથી ચોમેર પુષ્પવૃષ્ટિ થતાં હરિભક્તોનાં હૈયા ભક્તિભાવથી ભીંજાઈ ગયા. શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવાના વિદ્યાર્થીઓએ પરંપરાગત પોષાકો પહેરીને પ્રસંગને રાસની રમઝટથી ભવ્ય બનાવી દીધો. સંતો અને હરિભક્તો મન મુકીને રાસ રમ્યા અને વાતાવરણમાં શ્રીહરિનાં પ્રાગટ્યનો આનંદ પ્રસરી ગયો. તા. ૨૬-૦૩-૨૦૧૩નો દિવસ વિશેષ આનંદનો દિવસ હતો. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ના આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિએ હરિભક્તોનાં આનંદમાં અભિવૃદ્ધિ કરી હતી. બપોરે ઠાકોરજી અને આચાર્ય મહારાજશ્રીની નગરયાત્રામાં ૨૪ ગામની મંડળીઓ, સંતો અને હરિભક્તો ઉત્સાહભેર જોડાયા હતા. આચાર્ય મહારાજશ્રીએ આનંદની અભિવ્યક્તિ કરતાં વિશેષ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૭-૦૩-૨૦૧૩ પૂર્ણાહૂતિના દિવસે સભામંડપ અને મંદિરનો અતિ વિશાળ પ્રાંગણ આસ્થાવાન હરિભક્તોથી ખીચોખીચ ભરાયેલા હતા. હૈયે હૈયું દળાય એટલી બહોળી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિએ એક વિશેષ માહોલ ઊભો કર્યો હતો. પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજીના આશીર્વાદ મેળવી સૌ અતિ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સૌએ ઉમંગભેર રંગોત્સવ માણ્યો હતો. મંદિરની બહારના જાહેર માર્ગો પર હજારો હરિભક્તો મોટા મહારાજશ્રીએ પીચકારી દ્વારા કેસુડાના રંગરૂપે ભક્તજનો પર અમી છાંટણા કરતાં સૌ જીવન ધન્ય બની ગયું એવી અનુભૂતિ કરતા હતા. સમગ્ર કથાની વ્યવસ્થા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી અને દિવ્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ ઉપકોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીની રાહબરીમાં શિષ્યગણના સંતો સ્વામી ધર્મપ્રકાશદાસજી અને સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીએ કુશળતાપૂર્વક સંભાળી હતી. સભાનું સંચાલન સ્વામી ઉત્તમ ચરણ દાસજીએ ખૂબ સારી રીતે કર્યું હતું. કથા દરમ્યાન સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. યુવાભક્તોએ બેઠક વ્યવસ્થા, પાણી તેમજ પ્રસાદની વહેંચણી, આરતીની વ્યવસ્થા આદિ કામગીરી કુશળતા પૂર્વક સંભાળી હતી.

આભારવિધિ મંદિરના ટ્રસ્ટી પ.ભ. શ્રી શશીકાંતભાઈ ઠક્કરે કરી હતી.
આનંદ, ઉત્સાહ અને ભક્તિના વાતાવરણ વચ્ચે સમગ્ર આયોજન સંપન્ન થયેલ.
અહેવાલ, પ્રાણલાલ ગોર.

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh
Regd. No. GKCH-158/2012-2014 WPP Lic No. G-PMG-RJ/001/UPTO 30-06-2014



## શ્રી માનકુવા-જુનાવાસ મધ્યે દ્વિતીય પાટોત્સવ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશિર્વાદથી માનકુવા-જુનાવાસ બહેનોનાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્યાતિભવ્ય દ્વિતીય પાટોત્સવ તા. ૦૧-૦૪-૨૦૧૩ના ફાગણ વદ ૬ના શુભ દિને પંચામૃત મહાભિષેક અત્યંત આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો. જેના યજમાન પદે પ.ભ. લાલજીભાઈ કલ્યાણ શીયાણી હાલે કેન્યા નિવાસી ભક્ત આ ઉત્સવના યજમાન થયા હતા. જેમાં અમદાવાદ દેશ પિઠાધિપતિ ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારી ગોકુળિયાં સમાન માનકુવાને દિવ્ય દર્શનનો લાભ આપ્યો. અને ભુજ મંદિરથી સ.ગુ. સ્વામીપ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામીકેશવપ્રસાદદાસજી, વયોવૃદ્ધ સ્વામીસનાતનદાસજી સ્વામી, સ્વામીદેવકૃષ્ણદાસજી, સ્વામીભગવદજીવનદાસજી, સ્વામીશ્રીહરિદાસજી, કોઠારી સ્વામીદેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામીદિવ્યસ્વરૂપદાસજી, કોઠારી પાર્ષદ જાદવજીભગત આદિ ૮૭ સંતો પધાર્યા અને ઉત્સવને દિપાવ્યો. સવારે ૭:૩૦ વાગ્યે કથાનો શુભારંભ થયો જેમાં સ.ગુ. સ્વામીકેશવજીવનદાસજીએ કચ્છલીલાનાં માનકુવાનાં જ રસાળ ચરિત્રોનું કથામૃતપાન ખૂબ દબદબાભેર દિવ્યતા સભર દોઢેક કલાક કરાવ્યું. ૯:૦૦ કલાગે પ.પૂ. મહારાજશ્રી પધાર્યા ત્યારબાદ શાસ્ત્રીસ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ હરિચરિત્રામૃત સાગર કથામૃત રસપાન કરાવી યુવાન ભક્તોને વ્યસનથી દૂર રહેવાની મીઠી ટકોર કરી. વડીલ સંતોએ સારા આશીર્વાદ પાઠવ્યા. સ્વામીશ્રીહરિએ પાટોત્સવના દિવસનો મહિમા સમજાવતાં કહ્યું કે સારાંએ વર્ષમાં જાણે-અજાણે થતી ભૂલો (અપરાધને) માફ કરવાનો આ દિવ્ય દિવસ છે. મહારાજનાં ચરણોમાં ગદ્-ગદ્ ભાવ સહ ભૂલોની ક્ષમા માંગીએ તો આજે મહારાજ માફ કરી દે છે. તેવો પાટોત્સવના દિવસનો મહિમા સમજાવ્યો. અંતમાં પ.પૂ. મહારાજશ્રીએ શ્રીજી સમકાલિન માનકુવાના ભક્તોની સત્સંગની ટેક અને ખુમારી જણાવતાં કહ્યું કે આપણા વડિલોના દાખડા સામે જોતાં રહી સત્સંગને વિકસતો રાખવાના પ્રયાસમાં રહેવું અને આ નરનારાયણદેવ અને આ સંતોના થઈને રહેવું ક્યારેય દૂર ન થઈ જવાય તે ખાસ તકેદારી રાખવી. આવા શુભાશીષ પાઠવ્યા. તમામ કાર્યક્રમનો દોર સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સંભાળ્યો હતો. જેમાં કચ્છ-વાગડ-અબડાસાનાં ૧૭૫ જેટલાં સાંખ્યયોગી બહેનો પધારી ઉત્સવમાં અભિવૃદ્ધિ કરી હતી. ૧૨:૦૦ કલાકે તમામ કાર્ય પૂર્ણ થયું ત્યારબાદ સંતો-સાંખ્યયોગી બહેનો અને બંને ગામનાં તમામ ભક્તજનોએ ભોજન પ્રસાદ લઈ છૂટાં પડ્યાં હતાં. સંતોએ અને મહારાજશ્રીએ યજમાનથી લાલજીભાઈને ખૂબ ખૂબ આશીર્વાદ પાઠવ્યા અને રાજીપો વર્ષાવ્યો હતો.

જયેશ મેઘજી ભુડિયા, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - માનકુવા



## પિનિંગ મશીન ઉદ્‌ઘાટન

પ્રાંતઃસ્મરણીય મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદથી ધર્મસંદેશ તેમજ મંદિરનાં અન્ય સાહિત્યોના પ્રકાશનમાં સુવિધા રહે તેવા ઉમદા હેતુથી અતિ આધિનિક પીનીંગ મશીન દાતાશ્રી કુંવરજીભાઈ દેવરાજ વેકરીએ ગામ નારાયણપર (ઉપલો વાસ) તેમજ માધાપરના નાનદાસ સામજી વરસાણીએ ભેટ આપેલ છે. આ પીનીંગ મશીનનું ઉદ્‌ઘાટન સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશજીના વરદ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે સ્વામીબળદેવપ્રસાદ, સ્વામીપુરુષોત્તમ પ્રિયદાસજી તેમજ પાર્ષદ માવજી ભગતની ઉપસ્થિત રહેલ. સાથે યજમાનો, મહેશભાઈ સોની, તેમજ શ્રી ભરતભાઈ મહેતા આરતી ઉતારવા જોડાયેલ ત્યારબાદ પ્રસાદની વહેંચણી કરવામાં આવેલ.



શ્રી સહજાનંદ ભવન ઉદ્‌ઘાટન - ભુજ



ફુલદોલ ઉત્સવ, નરનારાયણનગર-સુખપર



ગાયને પ્રસાદ આપતા મહારાજશ્રી તથા સંતો-લેરવાડી

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥ ॥ मानव सेवा प्रभु सेवा ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૩ • અંક-૫ • મે - ૨૦૧૩
સળંગ અંક - ૩૨૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી


### લવાજમ

દેશમાં :- ✔ આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં :- ✔ આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

**અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**

પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ-ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યુ


## લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજીભાષામાં યોગ્ય લેખો સ્વીમારવામાં આવશે.
- કૃતિ સ્વીકાર - અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ


શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ-ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
info@bhujmandir.org

-:: Website ::-
www.shreeswaminarayanmandirbhuj.org
www.bhujmandir.org.





## તંત્રીની કલમે

સૌ ભક્તજનને હૃદયપૂર્વકનાં જયશ્રી સ્વામિનારાયણ !

શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના ૧૫૬મા શ્લોકમાં લખ્યું છે કે

'महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तै : ।

देयानि पात्रविप्रेभ्यो दानामि विविधानी च ।।'

અને વળી ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીઓએ ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવો કરવા તથા સુપાત્ર બ્રાહ્મણોને નાના પ્રકારનાં દાનો દેવાં.

આપણા ઈષ્ટદેવે શરૂ કરેલી આ પરંપરાને આપણા સંતો અનુસરતા આવ્યા છે. તાજેતરમાં ભુજ મંદિર અને અંજાર મંદિર મધ્યે અલૌકિક આનંદની અનુભૂતિ કરાવતા અદ્‌ભુત અને અવિસ્મરણીય સમૈયાઓ ભક્તોએ મનભરીને માણ્યા. પુરાણોમાં શ્રેષ્ઠ એવુ ''શ્રીમદ્‌ ભાગવત'' શ્રી સ્વામિનારાયણ ભગવાનને અતિપ્રિય હતું. ભુજના ઈતિહાસમાં અદ્વિતીય ૪૫૧ પોથી સાથે યોજાએલ 'શ્રીમત્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ પારાયણ'ની દિવ્યતાએ આયોજનનાં સાફલ્યના સર્વોચ્ચ શિખરો સર કરી હરિભક્તોના હૃદયમાં ભક્તિની દૃઢતાનો સંચાર કર્યો. તો વળી અંજાર મધ્યે યોજાએલ 'શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવ'ની ભવ્યાતિભવ્ય ઉજવણી ચિરકાળ પર્યત્ર અવિસ્મરણીય રહેશે. શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાગટ્ય ભૂમિ છપૈયાની છાપ જેવી અમીર છાપ હરિભક્તોનાં હૈયામાં આ મહોત્સવે અંકિત કરી છે. શ્રીમંત સત્સંગીજીવન પંચાહ્ન પારાયણ દ્વારા આવેલ અનેક ભક્તોએ સત્સંગ માળ્યો. અને દાતા ભક્તોએ પોતાની કરેલી તેવા સફળશ્રી એવો ભાવ વ્યક્ત કર્યો. આવા સમૈયાઓ જ ભક્તિનું વાતાવરણ નિર્માણ કરીને સંપ્રદાયનું ગૌરવ વધારે છે. ભક્તોને આનંદની અનુભૂતિ કરાવે છે, અંતરમાં રહેલું અંતર ઘડાટે છે, એખલાસ અને નિખાલસતા સાથે આત્મીયતા સાથે સ્નેહની અભિવૃદ્ધિ કરે છે. અને ભક્તિમાં નિષ્ઠા અને દૃઢતા લાવે છે.

આ માસના અંકમાં ખાસ કરીને ભુજ તથા અંજાર મંદિર દ્વારા ઉજવાયેલ મહોત્સવનો અહેવાલ ફોટા સાથે આપેલો હોવાથી બીજા લેખો તથા વિભાગો છાપી નથી શક્યા.આશા છે સુજ્ઞવાચકોનો સહયોગ મળશે.

જય શ્રી સ્વામિનારાયણ !

ધામધુમથી હર્ષોઉલ્લાસ પૂવર્ક ઉજવાયો...

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

સર્વ પિતૃઓના મોક્ષાર્થે

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

એવમ્

## ૪૫૧ સંહિતાપાઠ - નારાયણયજ્ઞ

| કથા પ્રારંભ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | એપ્રિલ - ૨૦૧૩ |

ફાગણ વદ-૮ થી ફાગણ વદ-૧૪

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં એક દિવ્ય મહોત્સવ ઉજવાઈ ગયો. જેને અપ્રતિમ કહીયે તો અતિશ્યોકિત નહી કહેવાય કારણ કે, સ્વામિનારાયણ સંપ્રદાયની દિવ્યતા અને ભવ્યતા કંઈક અનોખી છે. એટલે જેણે આ ઉત્સવ જોયો, માણ્યો, અનુભવ્યો તેના મુખમાં શબ્દો હતા, આ તો ઐતિહાસિક ઉત્સવ છે. એટલે ઉત્સવને શબ્દથી આંકી ન શકાય, છતાં આપના અંતરમાં આ ઉત્સવનું શબ્દ ચિત્ર ઉભું કરવાનો પ્રયત્ન કરેલ છે.

સનાતન ધર્મના અનુયાયીઓએ પિતૃૠણમાંથી મુકત થવા માટે સત્કર્મ કરવાં જોઈએ. અને સાચો પિતૃભકત એ છે જે પિતૃઓની શાંતિ માટે કાંઈક સત્કર્મ કરે. આથી ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સર્વે વડીલ સંતોએ સર્વે પિતૃઓના મોક્ષાર્થે ભુજ મંદિરમાં સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ કરવાનું નક્કી કર્યુ. ત્રણેક મહિના પહેલાં ધર્નુમાસની ધૂનમાં હરિભકતોને જાણ કરતાં જ, પોથી નોંધાવવા માટે હરિભકતો ઉત્સાહી બન્યા.પહેલાં ૧૫૧ પોથી નક્કી કરી હતી, હરિભકતોની માંગ વધતાં છેલ્લે ૪૫૧ પોથી જોતજોતામાં જ નોંધાઈ ગઈ. તદ્ઉપરાંત પણ સંતો દ્વારા સંહિતા કરવાનું નક્કી થયું અને હરિભકતોનો ઉત્સાહ વધતો અને વધતો જ રહ્યો.

ભુજ મંદિરના મુખ્ય કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા નાનામોટા સંતોએ ખૂબ ઉત્સાહપૂર્વક આ યજ્ઞમાં ભાગ લીધો અને જોરશોરથી તૈયારીઓ આદરી. કારણ કે, મુખ્ય પોથીના યજમાનથી લઈ અને પોથીના યજમાનોને ઉતારા, જમવામાં કાંઈ અગવડ ન પડે તદઉપરાંત ૪૫૧ ભૂદેવોને રહેવા જમવાની સગવડ કરવી, વગેરે માટે યુવાન સંતો ભકતોની ટીમ સેવામાં લાગી ગઈ હતી. આ ઉત્સવને સંપૂર્ણ રીતે સફળ બનાવવા. સૌ સંતો –ભકતો તૈયારીમાં હતા.

તા. ૨૩/૩/૨૦૧૩ના રોજ ઉત્સવની અંદર ઉત્સાહ વધારવા અને ગગનમાં દિવ્ય સંદેશો આપવા વિજય ધ્વજને શ્રીનરનારાયણદેવની આગળ પટાંગણમાં લહેરાવવામાં આવ્યો. વિજય ધ્વજના યજમાન શ્રી પ.ભ. લાલજીભાઈ વિશ્રામ વેકરીયા (નારાણપર)વાળા રહ્યા હતા. મહંત સ્વામી તથા સ.ગુ. સંતો ભૂદેવો અને યજમાનશ્રીઓના વરદ્ હસ્તે વિજય ધ્વજ લહેરાયો હતો.

# પોથી યાત્રા

તા. ૨/૪/૨૦૧૩ અને મંગળવારના દિવસે પોથી યાત્રા પ્રસાદી મંદિરેથી નિકળી ભુજ શહેરના રાજમાર્ગો અને મુખ્ય માર્ગોમાંથી પસાર થતી નૂતન મંદિરે ભાગવત મંડપ સુધી લાવવામાં આવી. જેમાં મુખ્ય બગી ઘોડા જોડેલી તે ઉપર મુખ્ય વકતા, બીજી બગી ઉપર મહંત સ્વામી, સંતો, યજમાનશ્રીઓ સાથે ૪૫૧ સંહિતા મસ્તક ઉપર ધારણ કરેલ બહેનો તેમજ ૪૫૧ ભૂદેવો સુવ્યવસ્થિત ગણવેશમાં જોડાયા હતા. મુખ્ય યજમાનશ્રીએ મસ્તક ઉપર ભાગવત શાસ્ત્ર લઈ અને ભવ્ય, દિવ્ય અને ઐતિહાસિક પોથી યાત્રા ભુજ શહેરમાંથી પસાર થઈ ત્યારે બધાના મુખમાં એજ શબ્દો હતા. શું શોભા છે ? શું વ્યવસ્થા છે ? કોઈ દિવસ ન જોઈ હોય તેવી પોથી યાત્રા નૂતન મંદિરે જય ઘોસ સાથે. પોથીને સભામંડપમાં વ્યાસાસને પધરાવવામાં આવી.























## કથાનો શુભ પ્રારંભ

તા. ૩/૪/૨૦૧૩, બુધવાર અને ફાગણ વદ–૮નો દિવસ એટલે ભાગ્યવંતો દિવસ, સર્વે પિતૃ ઉધ્ધારનો સંકલ્પ સાકાર કરતા યજ્ઞના પ્રારંભનો દિવસ. તે દિવસે શ્રીનરનારાયણદેવની મંગળા આરતી બાદ વ્યાસપીઠની આગળ મુખ્ય યજમાન શ્રી પ.ભ. શ્રી દેવશીભાઈ વેલજી હાલાઈ તથા સુપુત્ર મનોજકુમાર, ભાઈશ્રી પ્રફુલ્લભાઈ વેલજી હાલાઈ ગામ સુરજપરના ભકતોએ ભૂદેવશ્રીના માર્ગદર્શન હેઠળ દેવોનું સ્થાપન, પૂજન કરી એજ રીતે ૪૫૧ પોથીના યજમાનો, સહયજમાનશ્રીઓ પણ પૂજનમાં જોડાયા પ્રભાતનું વાતાવરણ અને વેદોકતમંત્રોના ધ્વનીથી મંદિરનું પટાંગણ ગૂંજી ઉઠયું. ગણેશ સ્થાપન તથા વકતાશ્રીઓના પૂજન ભુજ મંદિરના મહંત સ્વામી, ટ્રસ્ટીઓ તેમજ યજમાનો દ્વારા દિપ પ્રાગટય કરી અને વેદોકતમંત્રોથી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો.

પ્રથમ દિવસ અને પ્રથમ સત્રમાં વકતા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજી તથા બીજા વકતા શા.સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ સુમધુર શૈલીમાં ભાગવતના મહાત્મ્યની કથા સંગીતના સથવારે સંભળાવી શ્રોતાઓને ભાવવિભોર કર્યા. સંગીતકાર સ્વામી અક્ષરમુકતદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજીએ સંગીતની સુરાવલીઓ રેલાવી શ્રોતાઓને સંગીતમય બનાવ્યા અને વકતાશ્રીઓ એ શ્રોતાઓને કથા ગંગામાં તરબોળ કર્યા. આ દિવસે ભોજનપ્રસાદના યજમાનશ્રી પ.ભ. વિશ્રામ મુરજી હાલાઈ સુરજપરવાળા રહ્યા હતા. બીજા દિવસના યજમાન શ્રી પ.ભ. રવજીભાઈ કરસન ભુડીયા સહપરિવાર ગામ ફોટડીવાળા રહ્યા હતા.













## રામ જન્મોત્સવ

ભાગવત ભાગીરથી વહેતાં વહેતાં એક પછી એક સ્કંધોને પૂર્ણ કરતાં ત્રીજા દિવસના બપોર પછીના સત્રમાં વકતાશ્રી કથા નવમાં સ્કંધમાં લઈ ગયા, જયાં મર્યાદા પુરૂષોત્તમ ભગવાનશ્રી રામચંદ્રજીનો પ્રાગટય થાય છે, રામ જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય તે માટે શ્રી પ.ભ. લાલજીભાઈ વિશ્રામ વેકરીયાના યજમાન બની તેમજ સ્વયં રામના પિતા દશરથ બન્યા. સુંદર વેષભૂશા અને રાસમંડળીમાં રમતાં રમતાં મહંત સ્વામી તેમજ મોટા મહારાજની ઉપસ્થિતિમાં ખૂબ દિવ્યતાથી ઉજવાયો. આ ઉત્સવનું અને આપણી કથાનું, ત્રીજા દિવસનું, બીજું સત્ર તેમાં મોટા મહારાજશ્રીની પધાર્યા, આશીર્વાદ મળ્યા અને ત્રીજા દિવસના યજમાન પ.ભ. ગોવિંદભાઈ ધનજી રાબડીયા સહપરિવાર (કિંગ્સકિચન) રામપર હાલે ભુજવાળા રહ્યા હતા.

## કૃષ્ણ જન્મોત્સવ

ચોથા દિવસ તો સપ્તાહ પારાયણનો અર્ક કહી શકાય. કારણ કે, ભગવાન સ્વામિનારાયણે જે સ્કંધને ભકિત શાસ્ત્રનું બિરુદ આપ્યું છે, તે દશમસ્કંધ અને તેમાંય ભગવાન લીલા પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ પ્રાગટય, નંદ મહોત્સવ, આ ઉત્સવને માણવા ભુજ શહેર ઉપરાંત ગામડે ગામડેથી માનવ મહેરામણ ઉમટયો હતો. હૈયેહૈયું દળાય તેટલી ભીડ સૌ કોઈને નંદ ઉત્સવ માણવાનો ઉત્સાહ હતો. આ પાવન પ્રસંગે સ્વયં કચ્છ કલેકટર માનનીય શ્રી શાહ સાહેબ પધાર્યા હતા. કનૈયાના પિતા બનવાનું સૌભાગ્ય પ.ભ. શ્રી શાંતિલાલભાઈ વેલજી ભંડેરી સહપરિવાર કૃષ્ણ જન્મોત્સવના ભાગ્યશાળી યજમાન બન્યા હતા. સંતો, ભકતો, ગોવાળો, બ્રાહ્મણો, ખૂબ ઉત્સાહપૂર્વક રાસમાં જોડાયા હતા. વસુદેવ સ્વયં જાણે કૃષ્ણને લઈ, સુવર્ણના પારણિયામાં મૂકી ઝુલાવતા હોય, બ્રહ્મનિષ્ઠ સંતોની હાજરીમાં ફૂલ, અત્તરની છોળો ઉડતી હોય, દેવો, માનવો, પિતૃઓ હરખાતા હોય, આવું દિવ્ય અને ભવ્ય કૃષ્ણ જન્મોત્સવનું વાતાવરણ હતું. સૌ કોઈના અંતર આનંદથી ઝુમી ઉઠયા હતા.

ચોથા દિવસના યજમાન (દબાસિયા હાઈડ્રોલિક ઈન્ડસ્ટ્રીઝ,માનકુવા) અ.નિ. પિતાશ્રી ગોપાલભાઈ કાનજી દબાસિયાના સુપુત્રો રહ્યા હતા.













પાંચમાં દિવસે કથા માખણ લીલાની, કનૈયાની ગૌ–ભકિત ઉપર, એટલે ગૌ–સેવા માટે જયારે વાત કરવામાં આવી ત્યારે ખૂબ મોટી સંખ્યામાં ભકતોએ ગૌ–સેવાનો લાભ લીધો. ગાયોના ઘાસચારા માટે તેમજ બ્રાહ્મણોને દક્ષિણા તેમજ સંતોને રસોઈ પેટે ભકતોએ સેવા નોંધાવી, દુષ્કાળ વર્ષ છે, ગાયોને પૂરતો ઘાસચારો મળી રહે તે માટે ભુજ મંદિર તરફથી પૂરતા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સંતો, ભકતોની ટીમ બનાવી, સર્વે કરી, જરૂરીયાતમંદ ગાયોને ચારો પહોંચાડવાની સેવા ભુજ મંદિર તરફથી કરવામાં આવી રહી છે. આજના દિવસના યજમાન શ્રી પ.ભ. નારાણ મનજી કેરાઈ, સુપુત્ર કાંતિભાઈ નારાણ કેરાઈ,બળદીયા સહપરિવાર રહ્યા હતા.





બપોર પછી સમૂહ શ્રીમદ્ ભાગવત કથા રૂપી સત્કર્મને સાર્થક કરવા માટે અમદાવાદ દેશ શ્રી નરનારાયણ દેવ ગાદીપતિ પ.પૂ. ધ.ધૂ.૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પધારવાના હોવાથી ઠાકોરજી તથા મહારાજશ્રીની શોભાયાત્રા ખૂબ વિશાળ યોજવામાં આવી. જેમાં માધાપરના કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાનોએ રાત–દિવસ મહેનત કરી સુંદર રથ તૈયાર કર્યા હતા. સંતો, ઠાકોરજી અને મહારાજશ્રી માટે રથ બનાવી ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. શોભાયાત્રા ખૂબ વિશાળ, જેમાં મંડળીવાળા ભકતો, બેન્ડ પાર્ટી તેમજ અશ્વો દ્વારા ભુજનગરના નર–નારીઓ દર્શન માટે પ્રલોભિત કર્યા હતા. મહારાજશ્રીની સાથે મહંત સ્વામી, યજમાનશ્રીઓ પધાર્યા. શોભાયાત્રા વિરામ લીધા પછી મહારાજશ્રીના પૂજનનાં યજમાનશ્રી અ.નિ. પ.ભ. રવજીભાઈ અરજણ વેલાણી સહપરિવાર રહ્યા હતા. હસ્તે પ.ભ. નારાણભાઈ રવજી વેલાણી તેમજ સુપુત્રોએ મહારાજશ્રીનું પૂજન કર્યુ હતું. અને બ્રાહ્મણોને પુસ્તક તથા ખેસની સેવા કરી પૂજન કરનાર ભકત શ્રી પરબતભાઈ શીવજી કેરાઈ સહપરિવારે બ્રાહ્મણોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સાથે તમામ સ્વયંસેવક તથા મંડળીવાળા ભકતોને ટી–શર્ટની સેવા તેમજ બહેનો ભકતો માટે સાડીની સેવા કરનાર યજમાનશ્રી માતૃશ્રી જશુબેન પરબત શીયાણી, હસ્તે સુપુત્ર મનીષભાઈ શીયાણી સહપરિવાર મીરજાપર હાલે કમ્પાલા (યુગાન્ડા)રહી ખૂબ ઉદાર મનથી સેવા કરી ભગવાનના ભકતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

જોતજોતામાં પાંચ દિવસ પૂર્ણ થયા. અને છઠ્ઠા દિવસનું સુપ્રભાત રાબેતા મુજબ વેદોકત મંત્રોચ્ચારથી સવારના મંદિર ગૂંજી ઉઠયું. યજમાનો સહયજમાનો અને પોથીના યજમાનોએ સમૂહમાં પૂજન કરતા અને ગુલાબશંકર મહારાજ, દુર્ગેશ મહારાજ તેમજ મંદિરના ગોર મહેશ મહારાજ આદિ ભૂદેવોએ ખૂબ ભાવથી પૂજન કરાવ્યું હતું. અને બરાબર આઠ વાગે કથાનો પ્રારંભ થયો.

આજના દિવસે ભગવાને કંસનો ઉધ્ધાર કરી અને દ્વારિકાનગરીના રાજા બન્યા અને ભગવાને રૂક્ષ્મણિજીની સાથે જે લગ્ન કર્યા તે કથાને વકતાએ શબ્દરૂપ આપ્યું અને આ પ્રસંગને યજમાનોએ અને શ્રોતાઓએ મનભરીને આબેહૂબ લગ્ન, ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણિના લગ્ન માણ્યા. જેમાં વરપક્ષના યજમાન અ.નિ. વેલાબેન ગૌરીશંકર હરજી ઠકકર હસ્તે સુપુત્રો શશીકાંતભાઈ આદિ રહ્યા હતા. અને રૂક્ષ્મણિજીના યજમાન પ.ભ. શ્રી મૂરજીભાઈ કરસન શીયાણી સહપરિવાર રહ્યા હતા. અને જાન પ્રસાદી મંદિરેથી પ્રસ્થાન કરી અને નૂતન મંદિરના ભાગવત મંડપ સુધી લઈ આવ્યા હતા. અને ચોરી, તોરણ, મંડપ નાખી વિધિવત લગ્ન કરવામાં આવ્યા હતા. અને ખૂબ મોટી સંખ્યામાં ભકત સમુદાયે લાભ લીધો હતો. તે આખા દિવસના યજમાન પ.ભ. શ્રી વાલજીભાઈ કરસન હીરાણી બળદિયાવાળા રહ્યા હતા. અને સંતોનો રાજીપો મેળવ્યો હતો.

























સપ્તાહનો સાતમો દિવસ એટલે પરિક્ષિતના મોક્ષની કથા. જેમને મૃત્યુની ખબર પડી પછી અટકાવવાના નહી પરંતુ મૃત્યુને સુધારવાના પ્રયત્ન કર્યા અને ભાગવતરૂપી સત શાસ્ત્રના માધ્યમથી તક્ષક ડંસ દે તે પહેલાં શરીરમાંથી મુકત થઈ, ભગવાનના ધામમાં ભગવાનના સુખે સુખીયા થઈ ગયા. આ છે ભાગવત કથાનું મહાત્મ્ય. માટે પિતૃ ઉધ્ધાર માટે આદરેલું આપણું કાર્ય સફળ થાય તો જ, કે પિતૃ ભગવાનના ધામ સુધી જાય તે માટે, પ.પુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણાથી હોમાત્મક નારાયણ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.





સાતમાં દિવસના યજમાનશ્રી અ.નિ. કલ્યાણ ભીમજી શીયાણી ગામ માનકુવાવાળા હાલે મોમ્બાસા હસ્તે પ.ભ. શ્રી લાલજીભાઈ કલ્યાણ શીયાણી સહપરિવાર રહ્યા હતા. અને મહંત સ્વામી, વડીલ સંતો, યજમાનશ્રીઓ અને તમામ શ્રોતાઓએ સાથે મળી પૂર્ણાહૂતિની આરતી મહા–આરતીના રૂપમાં ઉતારી હતી. દરેક ભકતો, સંતો, સાંખ્યયોગી બહેનો, કર્મયોગી બહેનો હાથમાં દિવેટ લઈ આરતી ઉતારતાં જ અક્ષરધામ જેવું દિવ્ય દર્શન બન્યું હતું. જેમાં કોઠારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીની મહેનત અજોડ હતી. આ કાર્યમાં સંતો ખૂબ ખંતથી જોડાયા હતા. ખૂબ ભાવ વિભોરતાથી કથાની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

આઠમાં દિવસે ખૂબ સુંદર રીતે નારાયણ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. એટલે કે હોમાત્મક યજ્ઞ. જેમાં અનેકવિધ હવિસ્યાનોની આહુતિ આપી દેવતાઓ અને પિતૃઓને તૃપ્ત કરવા માટે જે યજ્ઞની નિયુકિત થઈ છે તે નારાયણ યજ્ઞ તેમાં સુંદર ચાર મુખ્ય યજ્ઞકુંડ બનાવી ૧૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ગુલાબશંકર મહારાજના માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાના ભૂદેવો અને દુર્ગેશ મહારાજ તેમજ ભુજના મહેશ મહારાજ પ્રદ્યુમન મહારાજ વગેરે મુખ્ય ભુદેવના માર્ગદર્શન હેઠળ વિધિવત નારાયણ યજ્ઞનો પ્રારંભ સવારથી જ થઈ ગયો હતો. જેના યજમાનશ્રી ગામ નેત્રાના પ.ભ. ખેતાભાઈ જેઠાભાઈ સાંખલા પરિવાર રહ્યા હતા. હસ્તે





માવજીભાઈ ખેતા સાંખલા અમદાવાદવાળા રહ્યા હતા અને આહુતિ આપતા આપતા બરાબર બપોરના ૧૨ વાગ્યે શ્રીફળ હોમવા, યજમાનોને આશીર્વાદ આપવા, પ.પૂ. સ.ગુ. મહંત સ્વામીની સાથે સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તેમજ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની સાથે કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ્વામી દિવ્યસ્વરૂપદાસજી સ્વામી આદિ સંતો પધાર્યા હતા. યજ્ઞમાં આહુતિ આપી, દેવતાઓને રાજી કરી શ્રીફળ હોમ્યું હતું. આ સંપૂર્ણ યજ્ઞમાં કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તેમજ યુવતી મંડળ (ભુજ)ની સેવા અવિરત રહી હતી. તેથી સંતો અને મહંત સ્વામીના આશિર્વાદને પાત્ર બન્યા હતા. સંપૂર્ણ આયોજનમાં મુખ્ય સભાપતિ તરીકેની સેવા શાસ્ત્રી સ્વામી ધર્મચરણદાસજી તથા પુરાણી સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળી હતી.

આ કાર્યમાં વિશેષ સેવા આપનાર ભકતો જેમ કે, શોભાયાત્રાના યજમાનશ્રી પ.ભ. મેઘજીભાઈ કે. વરસાણી સહપરિવાર ગામ સામત્રા હાલે નૈરોબી તેવી જ રીતે મોટા મહારાજશ્રીના પૂજનના યજમાન પ.ભ. કુંવરજીભાઈ દેવરાજ વેકરીયા નારાણપર(નીચલોવાસ)વાળા રહ્યા હતા. સાં.યો. બાઈઓના પૂજનના યજમાન અ.નિ. ઝવેરીલાલ કરસનદાસ જોશો હસ્તે શીલાબેન ભરતભાઈ ઝવેરીલાલ હતા. સંતોને રસોઈના યજમાન માવજીભાઈ લાલજી સાંખલા પરિવાર રહ્યા હતા. તેની સાથોસાથ સાં.યો. બાઈઓને રસોઈના યજમાન પ.ભ. અ.નિ. ગોદાવરીબેન ખટાઉભાઈ ઠકકર, શ્રીમતી આશાબેન અશોકભાઈ રામાણી રહ્યા હતા.

શ્રી નરનારાયણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ આવા દાનવીર દાતા ઉપર ખૂબ પ્રસન્ન થાય. તેમજ તેમની બધી મનોકામના પૂર્ણ કરે. એજ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના.









## આશીર્વાદની અમી વર્ષા

















# યજમાનશ્રીઓને આશીર્વાદ









સાત દિવસ સુધી સર્વે હરિભકતો સરસ ભોજન રૂપ પ્રસાદ લીધો. સુંદર ભોજન વ્યવસ્થા, તેમાંસત્સંગી બહેનો, ભકતો તેમજ અબડાસા વિભાગમાંથી સ્વયંસેવક ભકતો ભાઈઓ તથા બહેનોએ ખૂબ સરસ સેવા બજાવેલ. તેમજ દરરોજ રાત્રિ કાર્યક્રમમાંએક રાત્રે ગાયોના લાભાર્થે ભજન–સંધ્યા રાખવામાંઆવેલ. જેમાંગુજરાતના સુપ્રસિદ્ધ ભજનીક યોગેશપુરી ગોસ્વામીએ સરસ સુગમ સંગીત, કવાલી તેમજ ગઝલો રજુ કરી મંત્રમુગ્ધ કર્યા હતા. શ્રોતાઓએ ગાયો માટે ખૂબ ઉત્સાહ બતાવ્યો હતો. તેમા ભાવિક ભકતો સંતો મોટી સંખ્યામાંહાજર રહ્યા હતા.

તા. ૬/૪/૨૦૧૩ના રાત્રિ કાર્યક્રમ કચ્છ શ્રીનરનારાયણ દેવ યુવક મંડળ, માંડવી, ભારાપરના યુવાનોએ સરસ નૃત્ય, નાટિકા દ્વારા દર્શકોને આનંદિત કર્યા હતા. પ્રાર્થના, સત્સંગ શિર સાટે, તેમજ વ્યસનમુકિત જેવા નાટકો રજુ કર્યા હતા. જેનુંલાઈવ પ્રસારણ ગામડે ગામડે થઈ રહ્યુંહતુંઅને ખૂબ સારો પ્રતિસાદ સાંપડયો હતો. યુવાનો ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમ રજુ કરી સર્વેને જકડી રાખ્યા હતા.

તા. ૮/૪/૨૦૧૩ના નૂતન મંદિરના પટાંગણમાં ભવ્ય આતશબાજીની સાથે ભુજમાં પ્રથમ વખત કોમ્પીટીશન રાસ એટલે કે દરેક ગામના યુવક મંડળના યુવા મિત્રોએ સરસ યુનિફોર્મ જેમ કે, કેડીયા, ભરેલા કેડીયા, કચ્છી પાઘડી, સુરવાલ, જબ્બો, ટી–સર્ટ, યુનિફોર્મમાં જ રમવાનું અને સુંદર હાવભાવ સાથે ભગવાનને રાજી કરવાના અને મહારાજશ્રીની હાજરી તો ખરી જ. તેથી સર્વે યુવાન સંતો યુવાન મિત્રોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કોઈ દિવસ ન જોયું હોય તેવું દૃશ્ય ખડું થયું હતું. જોનાર ભકતોને પણ ખૂબ દિવ્ય દર્શનનો લાભ મળ્યો હતો.










# યજમાનશ્રીઓને આશીર્વાદ
















### ઊજવાયો ઐતિહાસિક અંજાર શહેરને આંગણે

# શ્રી ઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવ

તા. ૧૧ થી ૧૫ એપ્રિલ - ૨૦૧૩
આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજાર-કચ્છ

ભરતખંડની ભાગ્યવતી ભૂમિમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે પ્રગટ થઈને અનંત જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ માટે સૌ સંતોને આદેશ આપ્યો કે ગામડે-ગામડે ફરી ભવસાગરની ભવાટવીમાં ભટકતા જીવાત્માઓને ભગવાનની ઓળખાણ કરાવી, ભગવત્ કથા-વાર્તાનો લાભ આપી ભગવાનને સુખે સુખીયા કરો. ભગવાન શ્રીસ્વામિનારાયણના આ આદેશને ભુજ મંદિરના સંતોએ આજ દિવસ પર્યંત્ યથાવત્ જાળવી રાખ્યો છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના આગમનથી પરમ પવિત્ર થયેલા ઐતિહાસીક અંજાર શહેરમાં આજથી ૧૧૦ વર્ષ પૂર્વે સ.ગુ. અક્ષરજીવનદાસજી સ્વામીએ હરિમંદિરનું નિર્માણ કરેલું. સત્સંગનો વિકાસ થતાં સંવત્ ૨૦૧૯ જેઠ સુદ – ૮ ના રોજ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજે શ્રીઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી. બંગલાઘાટ મંદિરમાં ૨૦ વર્ષ સુધી દર્શન આપ્યા બાદ ચૈત્ર સુદ – ૫ ના શુભ દિવસે વર્તમાન મંદિરમાં બિરાજીને ભક્તોને દર્શનનું સુખ આપી રહ્યા છે. અંજાર શહેરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ તેમજ તીર્થધામ ભુજનગરનિવાસી શ્રીનરનારાયણદેવની અહૈતુકી કૃપા કરુણાથી, વળી આચાર્ય મહારાજશ્રી તેમજ મહંત સ્વામી શ્રીધર્મનંદનદાસજીના આશીર્વાદથી સદ્. હરિજીવનદાસજી સ્વામીની દોરવણી હેઠળ તા. ૧૧/૦૪/૨૦૧૩ થી તા. ૧૫/૦૪/૨૦૧૩ સુધી શ્રીઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવનું અતિ અદ્ભુત આયોજન કરવામાં આવ્યું. આ ભવ્યાતિ ભવ્ય મહોત્સવના ભાગ રૂપે અનેકવિધ દિવ્ય અયોજનો કરવામાં આવ્યાં હતાં.

## વિજયધ્વજા આરોહ




તા. ૧૭/૦૩/૨૦૧૩ રવિવારના શુભ દિવસે સવારે ૭:૦૦ કલાકે ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. ધર્મનંદનદાસજી સ્વામી અને અંજાર મંદિરના મહંત સ.ગુ. હરિજીવનદાસજી સ્વામીએ ૫૧ ફૂટ લાંબી ધર્મધ્વજા ફરકાવીને શ્રીઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવ દિગંતમાં ચોતરફ પ્રસરી ઊઠે તેવી શુભ ભાવના સાથે આ મહોત્સવના વિવિધ દિવ્ય આયોજનોની શુભ શરૂઆત કરી હતી. વિજયધ્વજા રોહણ કાર્યક્રમના યજમાનપદે અંજાર બહેનોના મંદિરનાં મહંત સા.યો. ત્રિવેણીબેન રહ્યાં હતાં.





## નેત્રયજ્ઞ

તા. ૧૭/૦૩/૨૦૧૩ રવિવારના દિવસે મહોત્સવ ઉપક્રમે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંખને લગતી તમામ બીમારીઓની અંજાર મંદિર તરફથી સારવાર કરવામાં આવી હતી. આ નેત્રયજ્ઞમાં ૫૦૦ દર્દીઓ લાભ લઈને રોગ મૂક્ત બન્યા હતા. આવા અમૂલ્ય અવસરના યજમાનપદે ગામ સુખપર અ.નિ. પ્રેમબાઈ વેલજી ભુડીયા સુપુત્ર લાલજીભાઈ ધ.પ. નર્મદાબેન-સુખપર, લંડન પરિવાર રહ્યા હતા.

## આરોગ્ય કેમ્પ

તા. ૩૧/૦૩/૨૦૧૩ રવિવારના દિવસે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૭૫ જેટલા નાક, કાન, ગળાના તેમજ ૧૨૫ થાઈરોઈડ, થેલેસીમીયા, કોલેસ્ટ્રોસ, ડાયાબીટીશના દર્દીઓએ લાભ લીધો હતો. આ આરોગ્ય કેમ્પના યજમાનપદે પ.ભ.અ.નિ. વેલજીભાઈ હરજી ભુડીયા સુપુત્ર ધનજીભાઈ ધ.પ. લક્ષ્મીબેન-સુખપર, લંડન પરિવાર રહ્યા હતા.






## દીપોત્સવ

તા. ૦૯/૦૪/૨૦૧૩ મંગળવારનાં સાંજે ૬:૦૦ કલાકે અંજાર શહેરના સવાસર નાકા વિસ્તારમાં આવેલા તળાવને કિનારે ૫૧૦૦૦ (એકાવન હજાર) દીવાઓ પ્રજ્વલિત કરીને વરુણ(જળ)દેવના પૂજન રૂપે દીપોત્સવ ઊજવવામાં આવ્યો હતો. એકી સાથે ૫૧૦૦૦ હજાર દીવડાઓ પ્રગટતાં અંજારનું























આ તળાવ જાણે કે હરિદ્વારનું હરકી પૈડી (ગંગા કિનારો) હોય ને શું...!!! એવું લાગતું હતું. આ દીપોત્સવમાં આ તળાવનું શ્રીસ્વામિનારાયણ સરોવર એવું નામ રાખ્યું, જેને સમસ્ત ગ્રામજનોએ સહર્ષ સ્વીકારી લીધું. સભાપતિ શા. સ્વામી દેવચરણદાસજીએ આજથી આપણે સૌ આ શ્રીસ્વામિનારાયણ સરોવરને હંમેશા સ્વચ્છ રાખશું, તેમાં ક્યારેય પણ કોઈ પણ જાતનો કચરો નહીં નાખીએ તેવી જાહેર જનતાને પ્રતિજ્ઞા લેવડાવી હતી. અંજર શહેરમાં પ્રથમવાર થયેલા અતિ અદ્‌ભુત દીપોત્સવના યજમાનપદની સેવા પ.ભ. છગનલાલ નારણભાઈ સોની પરિવારે લીધી હતી.

## પ્રભાત ફેરી

તા. ૧૦/૦૪/૨૦૧૩ બુધવારના સુપ્રભાતે સમગ્ર કચ્છ વિસ્તારના તેમજ વિદેશથી પધારેલા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો અને યુવતિઓએ ગણવેશ પહેરીને અંજાર શહેરના મુખ્ય પાંચ સ્થળોએથી નીકળીને શહેરની ગલીએ ગલીમાં સ્વામિનારાયણ મહામંત્રના નાદ અને બેન્ડપાર્ટીની સાથે વાજતે-ગાજતે પ્રભાત ફેરી કાઢી સર્વત્ર સ્વામિનારાયણ મહામંત્રને ગુંજતો કર્યો હતો.




## પોથીયાત્રા

પ્રભાત ફેરી ફરીને બધા જ ભક્તો મંદિરમાં એકઠા થયા બાદ શ્રીઘનશ્યામ મહારાજના દિવ્ય સાનિધ્યમાંથી પારાયણના મુખ્ય યજમાનશ્રી અને અન્ય ૫૦ યજમાનશ્રીઓ શ્રીમદ્ સત્સંગિજીવનની ૫૧ પોથીઓનું પૂજન, આરતી કરી માથા પર ધારણ કરીને વાજતે-ગાજતે શ્રીઘનશ્યામ સભામંડપમાં લાવ્યા હતા. સભામંડપમાં પોથીઓની સ્થાપના કર્યા પછી પારાયણના મુખ્ય વક્તાશ્રીઓનું અને સંહિતા પાઠી મૌન વક્તાશ્રીઓનું યજમાનશ્રીઓએ પૂજન કર્યું હતું. તેમજ સભાસંચાલક શા. સ્વામી દેવચરણદાસજીએ પાંચ દિવસના મહોત્સવના કાર્યક્રમની આછી ઝલક આપી હતી.




આખિર સૌ સંતો-ભક્તજનો જે દિવસની રાહ જોઈ રહ્યા હતા તે તા. ૧૧/૦૪/૨૦૧૩ ગુરુવારનો દિવસ આવી ગયો. સવારથી જ અંજાર શહેરમાં અનેરા આનંદનું મોઝું ફરી વળ્યું. જોત જોતામાં તો ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. ધર્મનંદનદાસજી સ્વામી અને અંજાર મંદિરના મહંત સ.ગુ. હરિજીવનદાસજી સ્વામીના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ચતુર્વેદ પારાયણ, ધર્મપ્રદર્શનમ્, શ્રીમદ્ સત્સંગિજીવનની પંચાહ્ન પારાયણ જેવા અનેકવિધ આયોજનોને દીપ પ્રાગટ્ય કરીને ખૂલ્લાં મૂકવામાં આવ્યાં હતા.



## ચતુર્વેદ પારાયણ

તા. ૧૧/૦૪/૨૦૧૩ થી ૧૫/૦૪/૨૦૧૩ પાંચ દિવસ સુધી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - આ ચારેય વેદની પ્રારંભથી સમાપ્તિ સુધીની પારાયણ કરવામાં આવી હતી. આ ચતુર્વેદ પારાયણ દક્ષિણ ભારત, કાશી, ઓરિસ્સા ગુજરાત વગેરે પ્રાંતોના વિદ્વાન બ્રાહ્મણોએ કરી હતી. જેના યજમાનપદે કિશોરભાઈ ખટાઉ રહ્યા હતા.


















## ધર્મ પ્રદર્શનમ્

ઉત્સવ દરમ્યાન પાંચ દિવસ સુધી ધર્મ પ્રદર્શનમાં આયુર્વેદ ચિકિત્સા, વ્યસન મુક્તિ, ઓષધીઓના રોપાઓનું વિતરણ, ખેડૂતોને ખેતી ઉપયોગી માહિતી, ગૃહિણીઓને ઘરકામ સંબંધી માહિતી, પર્યાવરણની સુરક્ષા, પશુ-પક્ષીઓની માવજત વગેરે ઘણા બધા વિષયોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ અંજાર મંદિર દ્વારા થયેલાં આયોજનો જેવાં કે ગામ હરિફાઈ, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શાળા સન્માન વગેરેની કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

## શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ

તા. ૧૧/૦૪/૨૦૧૩ થી ૧૫/૦૪/૨૦૧૩ પાંચ દિવસ સુધી સ.ગુ. શતાનંદ સ્વામી વિરચિત સંપ્રદાયનું મુખ્ય ધર્મશામસ્ત્ર શ્રીમદ્ સત્સંગિજીવન ધર્મશાસ્ત્રમાંથી પ્રસંગોપાત અગલ - અલગ વિષયોપર વિગતવાર સમજુતી વક્તાશ્રીઓએ આપી હતી.

સત્સંગના સુપ્રસિદ્ધ વકતા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વ્યાસપીઠ પર વિરાજીને સત્સંગ એટલે શું...???, સત્સંગિનું જીવન કેવું હોવું જોઈએ...???, શાસ્ત્ર અને સમાજ, પરસ્પર સ્નેહ, સોળ સંસ્કાર, માતૃ દેવો ભવ - પિતૃ દેવો ભવ વગેરે વિષયો તેમજ મૈસુરમાં સંસ્કૃતનો અભ્યાસ કરીને આવેલા શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિ દાસજીએ પતિવ્રતા મહાસતિનો પ્રભાવ, ગુરુની આવશ્યકતા, યોગ્ય ગુરુ, દિક્ષા અને દિક્ષામંત્રોની પરમગોપનીયતા, સંસાર દુઃખોનું ઘર, અહંતા – મમતા વગેરે એક-એક વિષયો પર ખૂબ જ ઊંડાણ ભર્યા ચિંતન પૂર્વક વિશદ છણાવટ કરી શ્રોતાજનોને સત્સંગિજીવન સરીતામાં રસરૂપ કર્યા હતા. તેમની સાથે સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તેમજ સ્વામી નિર્ભયચરણ દાસજીએ પોતાના સુમધુર કંઠે શ્રોતાજનોને ડોલાવ્યા હતા. આ પારાયણના મુખ્ય યજમાનપદની સેવાનો લાભ મૂળ ગામ કુંભારીયાના વતની હાલે બાગલકોટ (કર્ણાટક)માં રહેતા મગનલાલ જીવણજી ચૌહાણ પરિવારે લીધો હતો. આજથી ૫૦ વર્ષ પહેલાં જ્યારે અંજારમાં શ્રીઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરવામાં આવી ત્યારે પણ આ જ પરિવારે યજમાનપદની સેવાનો લાભ લીધો હતો.





## વ્યાખ્યાનમાળા




શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણના ભાગ રૂપે વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ મંદિરના સંસ્કૃતનો વિદ્યાભ્યાસ કરીને તૈયાર થયેલા નવયુવાન વિદ્વાન સંતો દ્વારા વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

જેમાં પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ સત્સંગની ખુમારી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ મંત્રજાપ મહિમા, શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ સર્વોપરી શ્રીહરિ, પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શરણાગતિનાં પ્રતિકો – તિલક અને ચાંદલો, પુરાણી સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ સંતસમાગમ અને શાસ્ત્રી સ્વામી શુકમુનિદાસજીએ શિક્ષાપત્રીમાં પ્રબોધેલ પંચદેવ; આ સૌ પ્રવક્તા સંતોએ શાસ્ત્રોના સંદર્ભસહિત પોત-પોતાની ધીર-ગંભીર, જોશીલી, સુરીલી, આલંકારીક, આરોહ-અવરોહથી યુક્ત શૈલીથી પોત-પોતાના વિષયોનું નિરુપણ કરી શ્રોતાજનોને આનંદિત કર્યા હતા.






## ૫૧ સંહિતા પાઠ

ઉત્સવ દરમ્યાન પાંચ દિવસ સુધી શ્રીજનમંગલ સ્તોત્ર, શ્રીસર્વમંગલ સ્તોત્ર, શ્રીવિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્ર અને સત્સંગિજીવનની સંહિતા (મૌન) પારાયણ રાખવામાં આવેલ હતી. જેમાં આપણી શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા - ભુજના વિદ્યાર્થી સંતોએ તેમજ બ્રાહ્મણોએ પાંચ દિવસ સુધી સવારે અને સાંજે સતત ત્રણ-ત્રણ કલાક એક આસને બસીને આ અનુષ્ઠાન કર્યું હતું. જેના યજમાન પ.ભ. કાનજીભાઈ કરસન ભુડીયા ધ.પ. રામબાઈ પરિવાર ભક્તિનગર માનકુવા રહ્યા હતા.



## વિદ્વત્સંમેલનમ્



તા. ૧૩/૦૪/૨૦૧૩ શનિવારના દિવસે બપોરે ૧૨:૦૦ થી ૪:૦૦ કલાક સુધી સ્વયં ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી સંપ્રદાયની આચારસંહિતા એવી શિક્ષાપત્રીના પસંદ કરેલા વિવિધ વિષયો પર દક્ષિણ ભારત, કાશી, મહારાષ્ટ્ર, આસામ, નેપાળ, ગુજરાત અને કચ્છ પ્રાંતના વિદ્વાનો, પંડિતો, ચિંતકો, વિચારકોએ ખૂબ જ ઊંડાણ ભર્યા સંસોધન પૂર્વક ચર્ચા-વિચારણા કરી હતી. જેમાં (૧) વિદ્વાન્ બી. વી. રામપ્રિયાચાર્યે શિક્ષાપત્રીમાં પ્રમાણ કરાયેલાં



અષ્ટસચ્છાસ્ત્રોના શ્રવણ, પઠન અને મનનથી જ સામાજીક ઉત્થાન, (૨) મહેન્દ્રાચાર્યે શિક્ષાપત્રી સર્વજીવહિતાવહ, (૩) કૈરાલા ભાગવતાચાર્યે શિક્ષાપત્રીમાં યોગ, (૪) પ્રો. કાન્તિભાઈ ગોર સાહેબે અહિંસા પરમો ધર્મઃ, (૫) રવિભાઈ પેથાણી સાહેબે પ્રવર્તનીયા સદ્વિદ્યા ભૂવિ યત્સુકૃતં મહત્, (૬) પંડ્યા યોગેશે આત્મઘાત સર્વથા અનુચિત, (૭) જોષી ચિંતને સ્ત્રીમર્યાદાથી રાષ્ટ્રનું ઉત્થાન, (૮) ડૉ. સત્યપ્રસાદદાસજી સ્વામીએ મતં વિશિષ્ટાદ્વૈતં મે, (૯) શાસ્ત્રી અક્ષરમુનિદાસજી સ્વામીએ ઐકાત્મ્યમેવ વિજ્ઞેયં નારાયણમહેશયોઃ - આ નવ વિદ્વાનોએ નવ વિષયો પર ભગવાન સ્વામિનારાયણ, સ.ગુ. શતાનંદ સ્વામી અને ઉદ્ધવસંપ્રદાયે માન્ય કરેલ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતને અનુસારે પોત-પોતાનો મત પ્રસ્થાપિત કરી ઉદ્ભવેલા પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન કર્યું હતું. સંપ્રદાયમાં શિક્ષાપત્રી ઉપર પહેલી જ વાર વિદ્વત્ સંમેલન થતાં આ અદ્ભુત આયોજને સૌના હૃદયમાં શિક્ષાપત્રી વિષે અનોખું સ્થાન ઊભું કરી દીધું હતું. આ વિદ્વત્સંમેલનનું અધ્યક્ષપદ કચ્છ યુનિવર્સીટીના નિવૃત્ત કુલપતિ પ્રો. કાન્તિભાઈ ગોર સાહેબે શોભાવ્યું હતું. તેમજ વિદ્વત્સંમેલનના સંચાલક વિદ્વાન્ બી. વી. રામપ્રિયાચાર્યે શિક્ષાપત્રીને સમસ્ત વિશ્વમાં પ્રસિદ્ધ કરવા માટે શિક્ષાપત્રી આંદોલન કરવાનું જણાવ્યું હતું.



## સાંસ્કૃતિક કાર્યક્રમ

ઉત્સવ દરમ્યાન શરુઆતની ત્રણ રાત્રે આજના સમાજને પ્રેરણા આપે, યુવાધનની રક્ષા થાય, પરસ્પર સ્નેહ વધે તેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ગોઠવણી કરવામાં આવી હતી. જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંળડ – નાની નાંગલપર (અંજાર)ના યુવાનોએ, કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંળડ – અંજાર વિસ્તારની યુવતીઓએ, તેમજ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ રાપરના બાળકોએ ઉત્સાહભેર સૌને મનોરંજનની સાથે સત્સંગના સંસ્કાર આપી જીવન જીવવાની કળા શીખવી હતી. સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન પૂ. સંતસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.



ચોથી રાત્રીએ ઓરકેસ્ટ્રાના સથવારે સૌ સંતો-ભક્તોએ સાથે મળી ભગવાન શ્રીહરિના સ્મરણ સાથે મહારાસ રમીને પંચાળાના મહારાસનું અતિ અદ્ભુત દૃશ્ય ખડું કર્યું હતું.








## બટુકોને સમુહ યજ્ઞોપવિત

તા. ૧૨/૦૪/૨૦૧૩ શુક્રવારના પરમ પવિત્ર દિવસે સવારે ૭:૩૦ કલાકે કચ્છ જિલ્લાના ૨૦ બ્રાહ્મણ બટુકોને આચાર્ય દુર્ગેશ મહારાજે તથા અંજાર મંદિરના ગોર શાસ્ત્રી યોગેશ મહારાજે વેદોક્ત વિધિ અનુસાર યજ્ઞોપવિત સંસ્કાર કરીને દ્વિજત્વ આપ્યું હતું. તેમજ વડિલ સંતોએ બ્રાહ્મણ બટુકોને વર્તમાન ધરાવી કંઠી પહેરાવીને ભગવાન શ્રીસ્વામિનારાયણના શરણાગત કર્યા હતા અને સત્સંગ જાળવી રાખી તમને જોઈને સમાજ સન્માર્ગે ચાલે તેવું જીવન જીવવાનો ઉપદેશ આપ્યો હતો. આ કાર્યક્રમના યજમાનપદે લાલજી હિરજી હાલાઈ રહ્યા હતા.



## ૫૧ કુંડી મહાવિષ્ણુયાગ યજ્ઞ

તા. ૧૩/૦૪/૨૦૧૩ થી તા. ૧૫/૦૪/૨૦૧૩ ત્રિદિવસીય ૫૧ કુંડી મહાવિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા યજમાનોએ સજોડે લાભ લીધો હતો.











## ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા

તા. ૧૪/૦૪/૨૦૧૩ રવિવારના દિવસે શ્રીઠાકોરજીની અને આચાર્ય મહારાજશ્રીની ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે સવારથી જ જાણે કે અંજાર શહેરમાં માનવ મહેરામણનો મેળો મળ્યો હોય ને શું...!!! એટલી જનમેદની એકઠી થઈ હતી.

સવારે ૮:૦૦ કલાકે શણગારેલા અનેક વાહનો; ફ્લોટો જેવા કે મોર, પોપટ, હાથી, ઘોડા, ઊંટ, બળદ વગેરે; પટેલ ચોવીસી ગામોની સંગીત મંડળીઓ; હીરાપર અને પલાંસવાની રાસમંડળીઓ તેમજ અનેક બેન્ડપાર્ટીઓના સથવારે વાજતે-ગાજતે ભગવાનના કીર્તનોનું ગાન કરતા સંતો, હજારો હરિભક્તો, સાંખ્યયોગી બહેનો તેમજ કર્મયોગી બહેનો અંજાર શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને શ્રીઘનશ્યામ સભામંડપમાં પધાર્યા હતાં.

## જલયાત્રા

તા. ૧૪/૦૪/૨૦૧૩ રવિવારના સાંજે ૭:૦૦ કલાકે શ્રીઘનશ્યામ મહારાજના મહાભિષેક નિમિત્તે પીપલેશ્વર મહાદેવના મંદિરથી સંતો, ભક્તો, યજમાનશ્રીઓ, બહેનો માથા પર જળના કળશો ઉપાડીને વાજતે-ગાજતે શ્રીઘનશ્યામ મહારાજના દિવ્ય સાનિધ્યમાં લાવ્યાં હતાં.





## મહાભિષેક એવં મહાન્નકૂટ





તા. ૧૫/૦૫/૨૦૧૩ સોમવારનો દિવસ એટલે અંજારનિવાસી શ્રીઘનશ્યામ મહારાજનો પ્રતિષ્ઠા દિવસ. આજે રોજ શ્રીઘનશ્યામ મહારાજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ૫૧મો મહાભિષેક એવં મહાન્નકૂટ ઉત્સવ અતિ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ૫:૧૫ મંગળા આરતી થયા બાદ વિદ્વાન્ બી. વી. રામપ્રિયાચાર્યે યજમાન પરિવાર દ્વારા પૂજનવિધિ કરવી હતી. પૂજનવિધિ થયા પછી દૂધ, દહિં, ઘી, મધ, સાકર – પંચામૃતથી તથા ૧૦૮ ઔષધિઓના જળથી તેમજ વિવિધ ફળોના રસથી સંતોએ શ્રીઘનશ્યામ મહારાજનો મહાભિષેક કર્યો હતો. સતત એક કલાક સુધી અભિષેકનાં દર્શન કરી સૌ સંતો-ભક્તોએ પોતાના જીવનની સાર્થકતા માની હતી.







ત્યારબાદ ૯:૦૦ કલાકે સંતો-ભક્તો તેમજ સાંખ્યયોગી બહેનો દ્વારા તૈયાર કરાયેલ વિવિધ વાનગીઓ શ્રીઘનશ્યામ મહારાજની આગળ અન્નકૂટ રૂપે ધરવામાં આવી હતી. તેમાં શ્રીઘનશ્યામ મહારાજનો ૫૧મો વાર્ષિક પાટોત્સવ હોવાથી ૫૧ કિલાનો કાજુનો લાડુ ધરવામાં આવ્યો હતો. જેણે એક અનેરું અને અનોખું આકર્ષણ ઊભું કર્યું હતું.





## રાજોપચાર પૂજન





તા. ૧૫/૦૫/૨૦૧૩ સોમવારના દિવસે બપોરે ૩:૦૦ કલાકે વિદ્વાન્ બી. વી. રામપ્રિયાચાર્યેના નેતૃત્વ હેઠળ શ્રીઘનશ્યામ મહારાજનું ષોડશોપચારથી મહાપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૦૦ કિલો ફૂલની પાંખડીઓથી શ્રીઘનશ્યામ મહારાજન ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. જ્યારે શ્રીઘનશ્યામ મહારાજ સંપૂર્ણપણે પુષ્પોમાં ગરકાવ થઈ ગયા ત્યારે સૌ સંતો-ભક્તોના હૃદયમાંથી એક જ અવાજ નીકળ્યો હતો કે આવા રાજોપચારનાં દર્શન ક્યારેય થયાં જ નથી.





**ગાયોને નિરણ :** ઉત્સવ દરમિયાન ૫ દિવસ બન્ને ટાઈમ જરૂરીયાતમંદ વિસ્તારોની ગાયોને (૨૫૪૫) મણ લીલો તથા સૂકો ચારો નિરવામાં આવ્યો હતો.

**સીડી તથા ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું વિમોચન :** ઉત્સવના ઉપક્રમે શ્રી ઘનશ્યામઝીલાવા સીડીનું વિચોમન કરવામાં આવ્યું હતું જેમાં આર્થિક સહયોગ પ.ભ. શીવજીભાઈ કેસરા હલાઈ દહિંસરા બોલ્ટન પરિવારે આપ્યો હતો. 'સંગ તેવો રંગ' પારિવારી ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું






વિચોમન કરવામાં આવ્યું હતું. જેમાં આર્થિક સહયોગ પ.ભ. વિરજીભાઈ નારણભાઈ ખુથીયા પરિવાર ભચાઉ હાલ મુંબઈ તરફથી મળ્યો હતો.





**પુસ્તક વિમોચન :** ઉત્સવ દરમિયાના સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત 'યમયાતના' ગ્રંથનો ભાવાનુવાદ તથા સ્વામીના બનાવેલાં ચિત્રો સાથે યમયાતના ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. જેમાં આર્થિક સહયોગ પ.ભ. કાન્તીભાઈ તથા નારણભાઈ વેલજી ભુડીયા પરિવાર નારણપર - લંડનનો રહ્યો હતો.



સાથે ડૉ. સ્વામી સત્યપ્રસાદ દાસજી દ્વારા થયેલ વિષ્ણુસહસ્રનામભાષ્ય અંગ્રેજીનું વિમોચન કરવામાં આવ્યું હતું તેમાં આર્થિક સહયોગ પ.ભ. જેઠાભાઈ ધનજી સવાણી - કેરા પરિવારે આપ્યો હતો.

**શ્રી ઘનશ્યામમહારાજને ભેટ :** શ્રી ઘનશ્યામમહારાજના ૫૧માં પાટોત્સવ પ્રસંગે ભાગ્યશાળી યજમાનો દ્વારા સુવર્ણના આભૂષણો અર્પણ કરવામાં આવ્યા હતાં. અંજાર મંદિરના સાં.યો. મહંત ત્રિવેણીબહેને સુવર્ણની મોજડી તથા તોડા તેમજ પ.ભ. નરેન્દ્રભાઈ ચત્રભુજ સોમૈયા પરિવારે મયુરાકાર સુવર્ણ મુગટ તથા પ.ભ.





છગનલાલભાઈ નારણજી સોનીએ હેમના કુંડળ અર્પણ કરી પોતાના ધનનો સદ્ઉપયોગ કર્યો હતો.

**સંતો દ્વારા યોગશિબિર :** ઉત્સવ દરમ્યાન દરરોજ વહેલી સવારે ભગવાન શ્રીસ્વામિનારાયણે સત્સંગિજીવનના પાંચમા પ્રકરણમાં જે યોગની શિક્ષા આપી છે, તે જ આસનો, પ્રાણાયામો, વ્યાયામો, ધ્યાન વગેરે ક્રિયાઓ યોગમાં નિષ્ણાંત એવા સંતો અને અન્ય યોગાચાર્યો દ્વારા શીખવવામાં આવતા. જેનો સૌ સંતો-ભક્તોએ ઉતસાહભેર લીધો હતો.

આવાં અનેકવિધ આયોજનોથી સભર શ્રીઘનશ્યામ મહારાજ અર્ધ શતાબ્દી મહોત્સવ ખરેખર ન ભૂતો ન ભવિષ્યતિ રીતે ઊજવાયો. સૌ સંતો-ભક્તોના અંતરમાં આનંદ.... આનંદ.... ને બસ આનંદ.... જ.

આ મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરવા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી ધર્મવલ્લદાસજી, સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ ભુજ મંદિરના નાના-મોટા સૌ સંતોએ પૂરી હાજરી આપી હતી.

આ મહોત્સવના આયોજનની સંપૂર્ણ જવાબદારી ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી અંજાર શ્રીઘનશ્યામ મહારાજની સેવામાં રહેલા સ.ગુ. હરિજીવનદાસજી સ્વામીના મંડળના સંતો સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, કોઠારી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી પ્રભુવલ્લભદાસજી તેમજ મંળડ નાના-મોટા સૌ સંતોએ પૂરી નિષ્ઠાથી નિભાવી હતી.

મહોત્સના અંતિમ સત્રમાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ ભગવત્કૃપાથી આવા અતિ અદ્ભુત મહોત્સવનું આયોજન કરી હેમખેમ પૂર્ણ કરીને પોતાની બુદ્ધિપ્રતિભાનું પ્રમાણ આપતા સદ્. સ્વામી હરિજીવનદાસજીના મંડળના સંતોએ કરેલી વ્યવસ્થાને બિરદાવીને રાજીપો વ્યક્ત કરી આવાં દિવ્ય આયોજનો કરવાનો ઉત્સાહ આપતાં કહ્યું હતું કે આવાં આયોજનો કરે તેનાથી અમો રાજી છીએ અને ભુજ મંદિરનું ટ્રસ્ટીબોર્ડ હંમેશા આવાં આયોજનો કરનારા સંતોની સાથે જ રહેશે અને તેમની તમામ જરૂરીઆતોને પૂર્ણ કરશે. બસ, તેમનો ઉદ્દેશ ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોને જન-જન પ્રતિ પહોંચાડી સત્સંગ વધારવાનો અને ભુજનગરનિવાસી શ્રીનરનારાયણદેવને વિષે નિષ્ઠા વધારવાનો હોવો જોઈએ.

# યજમાનશ્રીઓને આશીર્વાદ


**પહેરામણી :** આ ઉત્સવમાં જે કોઈ ભક્તજનોએ તન, મન અને ધનથી નિષ્ઠા પૂર્વક સેવા કરી તેવા પુરુષ ભક્તજનોને સંતો અને મહારાજશ્રી દ્વારા પહેરામણી કરવામાં આવી હતી અને સ્ત્રી ભક્તજનોને સાંખ્યયોગી બહેનો દ્વારા કરવામાં આવી હતી.

















**ભોજન વ્યવસ્થા :** આવેલા ભક્ત સમુદાય માટે બન્ને ટાઈમ વિવિધ મીઠાઈઓ, ફરસાણ, શાક, કઠોળ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૫ દિવસ બન્ને ટાઈમ ૯૫ હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. દરેક ભક્તોને જમાડવા માટે ખંડ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.